જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૨/૨૦૧૬ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૯૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૬૫ લીટર દેશી દારૂ, ૧૨૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૭૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ કાર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૫૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૦૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૪૦૧/૧૬**

**ઇસનપુરઃ** ફિરોજભાઇ ગુલામહુસૈન રાજન (રહે. લાલા કોમ્પ્લેક્ષ શાહઆલમ દરવાજાની પાસે ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૨/૧૬ બપોરના ૧/૦૦ થી રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૫૦,૨૦૦/-મતાના ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૨૪૦૨/૧૬**

**શહેરકોટડાઃ** કલ્પભાઇ નટવરભાઈ રાદડીયા (ઉ.વ.૧૮)(રહે.રાધીકા બંગ્લોઝ કેડીલા બ્રીજ નીચે ઘોડાસર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૨/૧૬ કલાક ૮/૪૫ વાગ્યાનાં સુમારે સરસપુર આર.સી.ટેકનિકલના ખંડેર કંપાઉન્ડમાં (૨૨ થી ૩૦ વર્ષના આશરાના) પુરૂષે કલ્પભાઈને છરો બતાવી, સેમસંગ કંપનીનો ગેલેક્ષી ગ્રાન્ડ કવાટ્રો મોડલનો મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦૦/- મળી કુલ રૂપિયા ૧૦,૩૦૦/- મતાની લુંટ કરી નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.આર.મકવાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોનાનુ મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૪૦૩/૧૬**

**રામોલઃ** બબીતાબહેન વા/ઓ સુનીલભાઇ યાદવ (ઉ.વ.૩૦)(રહે, કાર્તકેય સોસાયટી, વસ્ત્રાલ રીંગ રોડ પાસે રામોલ) તા.૨૮/૧૨/૧૬ સાંજના ૫/૧૫ વાગ્યાનાં સુમારે નિરાંત ચોકડી થી વિરા ગોલ્ડની દુકાન તરફ રોડ ઉપરથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૨ વર્ષ આશરાના) બે પુરૂષ બબીતાબહેનનાં ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બબીતાબહેને રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૪૦૪/૧૬**

**રામોલઃ** પરેશ અરવિંદસિંગ ચાવડા (ઉ.વ.૨૫)(રહે,જલસાગર સોસાયટી, નિરાંત ચોકડી પાસે વસ્ત્રાલ) એ તા.૨૮/૧૨/૧૬ સાંજના ૫/૫૦ વાગ્યાના સુમારે અગમ્ય કારણસર પોતાના ઘરે સાડી વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી શૈલેષભાઈ રણછોડભાઈ ચલાવે છે.

**જી.આઇ.ડી.સી.વટવાઃ** ગીતાબહેન વા/ઓ બાલકિશન ગૌર (ઉ.વ.૩૮) (રહે.પાણીની ટાંકી પાસે, મનુભાઈની ચાલી જશોદાનગર) એ તા.૨૫/૧૨/૧૬ રાતના ૯/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે દવાની ગોળીઓ ગળી લેતા, સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૭/૧૨/૧૬ રાતના ૮/૧૫ વાગે ગીતાબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે જીઆઇડીસી.વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ.એ.ઘાસુરા ચલાવે છે

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)